# NATWARLAL K. PATEL

**B.Com., LL.B., Advocate**

E.NO. G/425/1977. GAWF NO. AM/GRT/21251 Date:- 14/07/2005

**Office**:- 324 to 326, 3rd Floor, "SHUKAN MALL", Nr. Visat Petrol Pump,Sabarmati, Ahmedabad - 380005.
**Ph.** : 079-27500560, **Mo.** : 9558026999, Email :- nkpatel1953@gmail.com

**Date : 13/04/2022**

## સર્ચ રીપોર્ટ

પ્રતિ,

**"શ્રી સરજુદાસ બિલ્ડકોન"**
ઓફીસઃ- ૩૦૫, ત્રીજો માળ, શુકન મોલ,
વિસત પેટ્રોલ પંપની પાછળ, મોટેરા,
અમદાવાદ-૩૮૦૦૦૫ના..

N. K. PATEL * ADVOCATE * G/425/1977

**બાબતઃ-** રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ)ના તાલુકે સાબરમતીના મોજે ચાંદખેડા સીમના સર્વે નં.૫૮૪/૧ પૈકીની ૧૯૫૬ સ.ચો.મીટર જમીન તથા સર્વે નં. ૬૬૬/૨ ની પોતખરાબા સહીતની ૭૯૯૨ સ.ચો.મીટર જમીન મળી કુલે -૯૯૪૮ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૨૨ મા આવરી લઈ અનુક્રમે ફાળવેલ ફા. પ્લોટ નં. **૧૮૦** ની ૧૩૬૯ સ.ચો.મીટર જમીન તથા ફા.પ્લોટ નં.**૧૭૯** ની ૫૫૯૪ સ.ચો.મીટર જમીન મળી **કુલે-૬૯૬૩ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન** <u>**અંગેનો સર્ચ રીપોર્ટ.**</u>

આપની સુચનાથી અમોએ મોજે ચાંદખેડા સીમના સર્વે નં.૫૮૪/૧ પૈકીની ૧૯૫૬ સ.ચો.મીટર જમીન તથા સર્વે નં. ૬૬૬/૨ ની પોતખરાબા સહીતની ૭૯૯૨ સ.ચો.મીટર જમીન મળી કુલે -૯૯૪૮ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૨૨ મા આવરી લઈ અનુક્રમે ફાળવેલ ફા. પ્લોટ નં. ૧૮૦ ની ૧૩૬૯ સ.ચો.મીટર જમીન તથા ફા.પ્લોટ નં.૧૭૯ ની ૫૫૯૪ સ.ચો.મીટર જમીન મળી કુલે-૬૯૬૩ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન અંગેનું ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટે અગાઉના જમીન માલીકો દ્વારા તા.૦૮/૦૨/૨૦૨૨ ના રોજ "ગુજરાત સમાચાર" દૈનીક પેપરમાં જાહેર નોટીસ આપેલી. જેના આધારે આજદીન સુધી કોઈના વાંધાઓ નક્કી કરેલ મુદતમાં અમોને ન મળતા અમોએ છેલ્લા ૩૦ વર્ષના તલાટીના રેકર્ડ તથા ૩૦ વર્ષ સુધીના ગાંધીનગર તથા અમદાવાદના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાંથી તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ સદર જમીન અંગેની સર્ચ કરાવી તેના કાગળો, દસ્તાવેજો, એન્ટ્રીઓ તથા સર્ચના આધારે અને આપે કરી આપેલ નોટરી રૂબરૂના તા.૧૩/૦૪/૨૦૨૨ ના રોજના ડેકલેરેશનના આધારે સદર સર્વે નંબરની જમીન અંગેનો સર્ચ રીપોર્ટ અમારા માનવા અને જાણવા પ્રમાણે અમો નીચે પ્રમાણે આપીએ છીએ.

## સર્વે નં.૫૮૪/૧ ની જમીનનો ઈતિહાસ

(૧)..મોજે ચાંદખેડા ગામની સીમના સર્વે નં.૫૮૪/૧ ની એકર-૧-૧ ગુંઠા અને પોતખરાબાની એકર-૦-૧ગુંઠા મળી કુલે એકર-૧-૨ ગુઠા વાળી ખેતીની જમીન પ્રથમ સને-૧૯૩૧ ની સાલથી એકશ્રી કાશીભાઈ અંબારામની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટામાં આવેલી હતી.

(૨)..ત્યારબાદ મજકુર જમીનના માલિક પટેલ કાશીભાઈ અંબારામનુ તા.૨૩/૧૦/૧૯૩૧ ના રોજ બિનવસિયતે અવસાન થવાથી વારસાઈ હક્કની રૂઈએ તેમના પુત્ર પટેલ મોહનભાઈ કાશીભાઈનુ સ્વતંત્ર નામ ગામ દફતરે નમુના નં.૬ ના હક્કપત્રકે ફેરફાર નોંધ નં.૧૯૮૫ થી તા.૨૦/૧૧/૧૯૩૧ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩)..ત્યારબાદ મજકુર જમીનના માલિક પટેલ મોહનભાઈ કાશીભાઈ પટેલ પાસેથી મજકુર સર્વે નંબરવાળી જુની શરતની ખેતીની જમીન એકશ્રી મણીલાલ જેઠાભાઈ પટેલે તા.૦૮/૦૮/૧૯૪૪ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી હોઈ મજકુર વેચાણ દસ્તાવેજીની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટ્સમા કબજેદારના કોલમમાં મણીલાલ જેઠાભાઈ પટેલનું સ્વતંત્ર નામ ગામ દફતરે નમુના નં.૬ ના હક્કપત્રકે ફેરફાર નોંધ નં.૨૬૧૫ થી દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૪)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં જમીનના ભાગલા પડતા અટકાવવા અને તેનુ એકત્રીકરણ કરવા માટે સને ૧૯૪૭ ના કાયદાની કલમ-૫ મુજબ સદર દસ્તાવેજવાળી જમીનનુ ક્ષેત્રફળ જરાયત જમીન તરીકે બે એકરથી ઓછુ હોઈ તાલુકા સરકયુલરના હુકમ નં.એલ.એન.ડી.તા.-૫૧ મુજબ ટુકડા ધારા હેઠળ "ટુકડા" તરીકેની નોંધ એન્ટ્રી નં.૩૦૨૦ થી તા. ૨૫/૦૪/૧૯૫૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૪/૧૯૫૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૫)..ત્યારબાદ ધી બોમ્બે પર્સનલ ઈનામ એબોલીશન એકટ- ૧૯૫૨ ની રૂઈએ મે.કલેકટર સાહેબ,અમદાવાદના સરકયુલર નં.ડબલ્યુ.ટી.એન.-૪૦૩૫ થી તા.૨૮/૦૭/૧૯૫૩ નીચે તાલુકા હુકમ નં.ડબલ્યુ.ટી.એન.-૧૦૮ થી તા. ૦૨/૦૨/૧૯૫૫ મુજબ ચાંદખેડા ગામે જાત ઈનામ હેડે ચાલતી તમામ જમીન તા.૦૧/૦૮/૧૯૫૫ થી જાત ઈનામ નાબુદ થતુ હોવાથી ખાલસા રૈયતવારી હેડે દાખલ કરવા હુકમ થવાથી સદર હુકમની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા એન્ટ્રી નં.૩૫૨૯ થી તા.૨૬/૦૮/૧૯૫૫ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૯/૦૨/૧૯૫૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૬)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડમા બીજા હક્કમા સંરક્ષિત ગણોતિયા તરીકે પટેલ હરિભાઈ મંગળભાઈનું સ્વતંત્ર એન્ટ્રી નં.૩૫૬૯ થી તા.૦૩/૦૭/૧૯૫૬ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૭)..ત્યારબાદ ગણોતધારાની કલમ-૩૨(ગ) મુજબની તપાસમા સદર જમીનમાં તા.૦૧/૦૪/૧૯૫૭ ના રોજ શ્રી હરિભાઈ મંગળભાઈ ગણોતિયા ન હોવાથી તેમનુ નામ કમી કરવા

માટે ટ્રિબ્યુનલ કેસ નં.૩૬૯, ૩૭૦ થી તા.૧૯/૦૬/૧૯૬૩ તા.૦૩/૦૭/૧૯૬૩ ના રોજ હુકમ આવવાથી ગણોતિયાનુ નામ એન્ટ્રી નં.૩૯૫૬ થી તા.૧૬/૦૭/૧૯૬૩ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૦૨/૧૧/૧૯૬૩ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૮)..મજકુર જમીનના રેકર્ડમાં બીજા હકકમાં અગાઉ "ટુકડા" તરીકેની નોંધ એન્ટ્રી નં.૩૦૨૦ થી તા.૨૫/૦૪/૧૯૫૧ ના રોજ પાડવામાં આવેલી. પરંતુ ત્યારબાદ મજકુર જમીન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનની હદથી બે માઈલના વિસ્તારમાં આવી જતા ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ક્રમાંક-અકત/૨૨૭૦/પી.ઈ./૧૨૭૪ થી તા.૨૮/૦૫/૧૯૭૧ ના રોજ થવાથી મે.કલેકટર સાહેબ ગાંધીનગરના હુકમ નં.સી.બી./લેન્ડ/વશી/૭૦૫ થી તા.૧૬/૦૬/૧૯૭૧ નીચે તાલુકા હુકમ નં.કોન્સો/ગાંધીનગર/તા.૧૬/૦૮/૧૯૭૧ ના આધારે એન્ટ્રી નં.૪૭૬૬ થી તા.૧૪/૦૩/૧૯૭૪ ના રોજ "ટુકડા" તરીકેની નોંધ કમી કરી સદર એન્ટ્રી તા.૨૫/૦૫/૧૯૭૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૯)..ત્યારબાદ મજકુર જમીનના માલિક અને કબજેદાર પટેલ મણીલાલ જેઠાભાઈનાએ તેમની હયાતીમાં તેમના પત્ની પટેલ સુરજબેન મણીલાલ પટેલ અને ત્રણ દિકરાઓ (૧) શરદચંદ્ર મણીલાલ પટેલ (૨) વિક્રમભાઈ મણીલાલ પટેલ અને (૩) અનિલકુમાર મણીલાલ પટેલના સંયુક્ત નામ ૭ અને ૧૨ ના રેકર્ડમા દાખલ કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ અરજી, જવાબ આપવાથી શ્રી મણીલાલ જેઠાભાઈ પટેલના નામ સાથે તેમના વારસદારો સુરજબેન મણીલાલ પટેલ વિગેરેના ગામ નમુના નં. ૬ ના હક્કપત્રકે ફેરફાર નોંધ નં.૫૦૬૮ થી તા.૨૨/૦૫/૧૯૭૮ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૩/૦૭/૧૯૭૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૦)..ત્યારબાદ મજકુર જમીનના માલિક કબજેદાર શ્રી પટેલ મણીભાઈ જેઠાભાઈનું તા.૦૧/૦૨/૧૯૯૧ ના રોજ બિન વસિયતે અવસાન થયેલું. જેથી મરહુમ મણીભાઈ જેઠાભાઈ પટેલના અવસાન સમયે તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારો તરીકે શરદચંદ્ર મણીલાલ પટેલ તથા વિક્રમભાઈ મણીલાલ પટેલ તથા અનીલકુમાર મણીલાલ પટેલ તથા પ્રફુલાબેન મણીલાલ પટેલ તથા તરલીકાબેન મણીલાલ પટેલ તથા પટેલ સુરજબેન તે મણીલાલ જેઠાભાઈની વિધવાના સંયુક્ત નામ વારસાઈ હક્કની રૂઈએ ૭ અને ૧૨ ના રેકર્ડમા દાખલ કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ અરજી, જવાબ, પેઢીનામુ વિગેરે આપવાથી ગામ નમુના નં. ૬ ના હક્કપત્રકે ફેરફાર નોંધ નં. ૬૫૩૭ થી તા.૨૫/૦૯/૧૯૯૫ ના રોજ દાખલ કરી સદર નોંધ તા.૨૮/૧૦/૧૯૯૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૧)..ત્યારબાદ મજકુર સર્વે નં.૫૮૪/૧ ની પોતખરાબા સહિતની ૪૨૪૯ સ.ચો.મીટર જમીન તથા અન્ય સર્વે નં.૫૮૪/૨ ની ૪૫૫૩ સ.ચો.મીટર જમીન મળી કુલે-૮૮૦૨ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શરદચંદ્ર મણીલાલ પટેલ તથા વિક્રમભાઈ મણીલાલ પટેલ તથા અનીલકુમાર મણીલાલ પટેલ તથા પ્રફુલાબેન મણીલાલ પટેલ તથા તરલીકાબેન મણીલાલ પટેલ તથા પટેલ સુરજબેન તે મણીલાલ જેઠાભાઈની વિધવા પાસેથી ભરવાડ બેચરભાઈ તેજાભાઈ તથા પટેલ બાબુભાઈ મણીલાલ તથા પટેલ જીવણભાઈ કચરાભાઈ તથા પટેલ વાલજીભાઈ બાલચંદભાઈ તથા શાહ નિતેશકુમાર જશવંતલાલ તથા શાહ ભુપેન્દ્રકુમાર જશવંતલાલ તથા શાહ કપીલાબેન જશવંતલાલનાને તેમની સ્વપાર્જીત જાતકમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૧૫/૧૨/૨૦૦૦ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૫૧૮૭ થી તેજ તારીખે નોંધાવી કુલ અભરામ ન

દાવે અઘાટ વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટ્સમા કબજેદારના કોલમમાં ભરવાડ બેચરભાઈ તેજાભાઈ વિગેરેના સંયુક્ત નામ એન્ટ્રી નં.૭૨૨૯ થી તા.૧૧/૦૫/૨૦૦૧ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૩/૦૬/૨૦૦૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૨)..ત્યારબાદ મજકુર સર્વે નંબરની જમીન અંગે ગામ દફતરે નમુના નં. ૬ ના હક્ક પત્રકે સ્પે. દિ.મુ.નં.૪/૧૯૯૮ ના દાવા બાબતે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીઝ એકટની કલમ-૫૨ તથા ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટની કલમ- ૧૮ પ્રમાણે ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા લીસ પેન્ડન્સીની નોટીસ નોંધવામાં આવેલી છે.સદર લીસ પેન્ડન્સીની નોટીસના આધારે મજકુર જમીનના રેકર્ડમા તે અંગેની નોંધ નં.૭૨૪૦ થી તા.૨૫/૦૬/૨૦૦૧ ના રોજ નોંધવામાં આવેલ.પરંતુ સદર નોંધની વિરૂધ્ધ સદર જમીન વેચાણ રાખનારા ભરવાડ બેચરભાઈ તેજાભાઈ વિગેરેનાઓએ વાંધો આપતા નોંધ તકરારી બનેલ. જે બાબતે મે. મામલતદારશ્રીએ આરટીએસ/તકરારી/કેસ નં.૩૩/૦૧ નો ચલાવી તા.૦૭/૦૮/૨૦૦૨ ના હુકમથી સદર નોંધ "મંજુર" રાખવાનો હુકમ કરેલ. જે હુકમ વિરૂધ્ધ સદર જમીન વેચાણ રાખનારા ભરવાડ બેચરભાઈ તેજાભાઈ વિગેરેનાએ ગાંધીનગરના મે. પ્રાંત અધિકારીશ્રી સમક્ષ આરટીએસ/અપીલ/૧૨૮/૦૨ ની દાખલ કરેલી. જેમાં મે. પ્રાંત અધિકારીશ્રીના તા.૨૨/૦૪/૨૦૦૩ ના હુકમથી ફેરફાર નોંધ નં.૭૨૪૦ "નામંજુર" કરી કામ રીમાન્ડ કરવા હુકમ કરેલો. સદર હુકમના આધારે રીમાન્ડ/તકરારી/કેસ નં.૧૫/૦૩ નો ચલાવી મે. મામલતદારશ્રીએ તા.૨૨/૧૨/૨૦૦૪ ના રોજ હુકમ કરી નોંધ નં.૭૨૪૦ ની નોંધ "નામંજુર" રાખેલ છે.

(૧૩)..ત્યારબાદ મજકુર સર્વે નં.૫૮૪/૧ ની પોતખરાબા સહિતની ૪૨૪૯ સ.ચો.મીટર જમીન તથા અન્ય સર્વે નં.૫૮૪/૨ ની ૪૫૫૩ સ.ચો.મીટર જમીન મળી કુલે-૮૮૦૨ સ.ચો.મીટર જમીન પૈકી **ફક્ત ૧૯૫૫.૫૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન** તેના માલિકો ભરવાડ બેચરભાઈ તેજાભાઈ વિગેરે પાસેથી પટેલ વિનોદચંદ્ર શાંતિલાલ તથા પટેલ રજનીકાંત શાંતિલાલ પટેલ તથા પટેલ વિરેન્દ્ર માણેકલાલ પટેલ તથા પટેલ જયેશ માણેકલાલ પટેલ તેમની સ્વપાર્જીત જાતકમાણીની આવકમાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૨૯/૦૯/૨૦૦૩ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૫૯૨૯ થી તેજ તારીખે નોંધવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી. ત્યારબાદ મજકુર તા.૨૯/૦૯/૨૦૦૩ ના રોજના વેચાણ દસ્તાવેજમા "ફક્ત સર્વે નં.૫૮૪/૧ ની ૪૨૪૯ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન પૈકી ઉત્તર દિશા તરફની ૧૯૫૫.૫૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન" બાબતેનો સુધારાનો દસ્તાવેજ ભરવાડ બેચરભાઈ તેજાભાઈ વિગેરે પાસેથી વિનોદચંદ્ર શાંતિલાલ પટેલ વિગેરેએ તા.૨૦/૧૦/૨૦૦૩ ના રોજ ગાંધીનગરના મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૬૬૧૩ થી તેજ તારીખે નોંધાવી કરાવેલો. મજકુર વેચાણ દસ્તાવેજ તથા સુધારાના દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા વિનોદચંદ્ર શાંતિલાલ વિગેરેના સંયુક્ત નામ એન્ટ્રી નં.૭૭૯૬ થી તા.૦૨/૦૧૨/૨૦૦૩ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૪).. ત્યારબાદ મજકુર જમીન બાબતે મે. પ્રાંત અધિકારીશ્રીના હુકમ નં.આરટીએસ/અપીલ/ નં.૧૨૮/૦૨ થી તા.૩૧/૦૧/૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા નોંધ નં.૭૮૩૬ તા.૦૬/૦૨/૨૦૦૪ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૮/૦૩/૨૦૦૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલી છે.

(૧૫)..ત્યારબાદ મે. મામલતદાર સાહેબ, ગાંધીનગરના હુકમ નં.તકરારી/કેસ નં.૧૫/૦૩ થી તા.૨૨/૧૨/૨૦૦૪ ના રોજ હુકમ કરી અરજદારની વાંધા અરજી મંજુર કરી સદર ગામે પાડવામાં આવેલ નોંધ નં.૭૨૪૦ "નામંજૂર" કરવા હુકમ કરેલ છે. સદર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમાં એન્ટ્રી નં.૮૦૩૧ થી તા.૧૯/૦૧/૨૦૦૫ ના રોજ સદર એન્ટ્રી નં.૦૯/૦૩/૨૦૦૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૬)..ત્યારબાદ મજકુર સર્વે નં.૫૮૪/૧ ની ૪૨૪૯ સ.ચો.મીટર જમીન પૈકી ઉત્તર દિશા તરફની ૧૯૫૫.૫૦ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૨૨ મા આવરી લઈ ફા.પ્લોટ નં.૧૮૦ ની ૧૩૬૯ સ.ચો.મીટર જમીન ફાળવવાનું નક્કી કરેલું.

(૧૭)..ત્યારબાદ મજકુર ચાંદખેડા ગામના તમામ સર્વે નંબર તથા મહેસુલી રેકર્ડ સરકારશ્રીના તા.૧૭/૦૧/૨૦૦૮ ના રોજના હુકમ નં.GHM/૨૦૦૮/૨/એમ/પી.એફ.આર.-૩૯૨૦૦૮-૩૫-એલ-૧ થી જોઈન્ટ સેક્રેટરીશ્રી,મહેસુલ વિભાગ,ગુજરાત રાજ્ય,ગાંધીનગરના હુકમથી સદર રેકર્ડ અમદાવાદ જીલ્લાના દસ્ક્રોઈ તાલુકામાં તબદીલ કરવા હુકમ થવાથી ભુમિદાન લેખની નોંધ એન્ટ્રી નં.૮૮૨૧ થી તા.૦૮/૦૨/૨૦૦૮ ના રોજ કરી સદર એન્ટ્રી તે જ તારીખે મંજુર કરવામાં આવેલી છે.

(૧૮)..ત્યારબાદ મે. જીલ્લા કલેકટરશ્રી અમદાવાદના તા.૩૦/૦૧/૨૦૦૮ ના હુકમ નં.સી.બી./એલ.એન.ડી-૨/સી-૪૦૧૯/૦૮ થી ચાંદખેડા નગરપાલીકાનો મહેસુલી વિસ્તાર અમદાવાદ જીલ્લામાં સમાવિષ્ટ કરવામાં આવતા મોજે ચાંદખેડા તા.ગાંધીનગરના તમામ સર્વે નંબરો સહીતની વિગતો દસ્ક્રોઈ તાલુકામાં સમાવિષ્ટ કરવા તેમજ પ્રાદેસીક ફેરફાર નવા ગામ તરીકે દાખલ કરવા એન્ટ્રી નં.૮૮૨૨ થી તા.૦૮/૦૨/૨૦૦૮ ના રોજ નોંધ કરી સદર એન્ટ્રી તે જ તારીખે પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૯)..ત્યારબાદ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક પફર/૧૦૨૦૧૧/૨૭૫/લ/૧ થી તા.૧૭/૦૩/૨૦૧૨ થી અમદાવાદ જીલ્લાના સીટી અને દસ્ક્રોઈ તાલુકાના પુનઃ ગઠન કરી અમદાવાદ તાલુકાના નવા બે તાલુકા અમદાવાદ (પૂર્વ) તથા અમદાવાદ (પશ્ચિમ) ની રચના કરવામા આવેલ.જે અન્વયે દસ્ક્રોઈ તાલુકાનુ ચાંદખેડા ગામ અમદાવાદ સીટી(પશ્ચિમ) મા પ્રાદેશિક ફેરફાર નવા ગામ તરીકે દાખલ કરવા સદર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૦૭૬૧ થી તા.૦૩/૦૫/૨૦૧૨ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૫/૦૫/૨૦૧૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા તેજ તારીખે પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૦)..ત્યારબાદ મજકુર સર્વે નં.૫૮૪/૧ ની ૪૨૪૯ સ.ચો.મીટર જમીન પૈકી ઉત્તર દિશા તરફની ૧૯૫૫.૫૦ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૨૨ મા આવરી લઈ ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં.૧૮૦ ની ૧૩૬૯ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનને બહુહેતુક ઉપયોગ કરવા માટેની એન.એ.ની પરવાનગી તેના માલિકો વિનોદચંદ્ર શાંતિલાલ પટેલ વિગેરેએ મે. કલેક્ટર સાહેબ, અમદાવાદના હુકમ નં.૨૯૧૫/૦૭/૧૮/૦૪૮/૨૦૨૧ થી તા.૧૨/૧૧/૨૦૨૧ ના રોજ મેળવેલ છે. મજકુર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબેજદારના કોલમમાં એન્ટ્રી નં.૧૪૫૮૪ થી તા.૧૨/૧૧/૨૦૨૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૪/૦૧/૨૦૨૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૧)..ત્યારબાદ મજકુર સર્વે નં.૫૮૪/૧ પૈકીની જમીનના ફા.પ્લોટ નં.૧૮૦ ની ૧૩૬૯ સ.ચો.મીટર બિનખેતીના ઉપયોગવાળી જમીન તેના માલિકો પટેલ વિનોદચંદ્ર શાંતિલાલ તથા પટેલ

રજનીકાંત શાંતિલાલ પટેલ તથા પટેલ વિરેન્દ્ર માણેકલાલ પટેલ તથા પટેલ જયેશ માણેકલાલ પટેલ પાસેથી તમો "શ્રી સરજુદાસ બિલ્ડકોન" એ નામની ભાગીદારી પેઢીએ તા.૦૫/૦૧/૨૦૨૨ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ) ના મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૨૫૦ થી તેજ તારીખે નોંધવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા તમો "શ્રી સરજુદાસ બિલ્ડકોન" એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૪૬૯૯ થી તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૩/૦૩/૨૦૨૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

## <u>સર્વે નં.૬૬૬/૨ ની જમીનનો ઈતિહાસ</u>

(૨૨)..મોજે ચાંદખેડા ગામની સીમના સર્વે નં.૬૬૬/૨ ની પોતખરાબા સહિતની એકર-૧-૩૯-ગુઠા (એકર-૧-૩૭ ગુઠા + એકર-૦૦-૦૨ ગુઠા) ૭૯૯૨ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનમા અમદાવાદના મે. સીવીલ જજ સાહેબની કોર્ટમાં દિ.મુ.નં.૨૦૬/૧૯૪૮ માં થયેલ હુકમ નં.આર.ટી.એસ./એસ.આર.આઈ./૨૭૨ તા.૨૦/૦૩/૧૯૫૦ના હુકમથી મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટ્સમા ગોરધનદાસ મુરલીધરનુ સ્વતંત્ર નામ દાખલ કરવા માટે ગામ દફતરે નમુના નં.૬ ના હક્કપત્રકે ફેરફાર નોંધ નં.૨૯૮૪ થી તા.૧૫/૦૪/૧૯૫૦ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૬/૧૧/૧૯૫૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૩)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં જમીનના ભાગલા પડતા અટકાવવા અને તેનુ એકત્રીકરણ કરવા માટે સને ૧૯૪૭ ના કાયદાની કલમ-૫ મુજબ સદર દસ્તાવેજવાળી જમીનનુ ક્ષેત્રફળ જરાયત જમીન તરીકે બે એકરથી ઓછુ હોઈ તાલુકા સરકયુલરના હુકમ નં.એલ.એન.ડી.તા.-૫૧ મુજબ ટુકડા ધારા હેઠળ "ટુકડા" તરીકેની નોંધ એન્ટ્રી નં.૩૦૨૦ થી તા. ૨૫/૦૪/૧૯૫૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૪/૧૯૫૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૪)..ત્યારબાદ મજકુર જમીનના માલિક ગોરધનદાસ મુરલીધર પટેલ પાસેથી મજકુર સર્વે નંબરવાળી જુની શરતની ખેતીની જમીન એકશ્રી નારણભાઈ જીવાભાઈ પટેલને તા.૧૩/૦૭/૧૯૫૧ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી હોઈ મજકુર વેચાણ દસ્તાવેજીની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટ્સમા કબજેદારના કોલમમાં નારણભાઈ જીવાભાઈ પટેલનું સ્વતંત્ર નામ ગામ દફતરે નમુના નં.૬ ના હક્કપત્રકે ફેરફાર નોંધ નં.૩૦૨૯ થી તા.૨૪/૦૪/૧૯૫૨ ના રોજ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૫)..ત્યારબાદ ગણોતધારાની કલમ-૩૨(ગ) મુજબની તપાસમા સદર જમીનમાં તા.૦૧/૦૪/૧૯૫૭ ના રોજ શ્રી ગંગારામ જેણાભાઈ ગણોતિયા ન હોવાથી તેમનુ નામ કમી કરવા માટે ટ્રિબ્યુનલ કેસ નં.૪૨૮ થી તા.૨૬/૦૬/૧૯૬૩ તથા તા.૦૭/૦૭/૧૯૬૩ ના રોજ હુકમ આવવાથી ગણોતિયાનુ નામ એન્ટ્રી નં.૩૯૩૮ થી તા.૧૬/૦૭/૧૯૬૩ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૦૨/૧૧/૧૯૬૩ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૬)..ત્યારબાદ મજકુર મોજે ગામ ચાંદખેડા સીમના સર્વે નં.૬૬૬/૨ વાળી ખેતીની જમીનના માલીક નારણભાઈ જીવાભાઈ પટેલ પાસેથી પટેલ લાભુભાઈ અંબારામે તેમની સ્વપાર્જીત

જાતકમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૨૫/૦૨/૧૯૭૧ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૨૬ થી તેજ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટ્સમા કબજેદારના કોલમમાં પટેલ લાભુભાઈ અંબારામનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૪૬૬૧ થી તા.૧૪/૦૩/૧૯૭૧ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૦/૦૪/ ૧૯૭૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૭)..મજકુર જમીનના રેકર્ડમાં બીજા હકકમાં અગાઉ "ટુકડા" તરીકેની નોંધ એન્ટ્રી નં.૩૦૨૦ થી તા.૨૫/૦૪/૧૯૫૧ ના રોજ પાડવામાં આવેલી. પરંતુ ત્યારબાદ મજકુર જમીન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનની હદથી બે માઈલના વિસ્તારમાં આવી જતા ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ક્રમાંક-અકત/૨૨૭૦/પી.ઈ./૧૨૭૪ થી તા.૨૮/૦૫/૧૯૭૧ ના રોજ થવાથી મે.કલેકટર સાહેબ ગાંધીનગરના હુકમ નં.સી.બી./લેન્ડ/વશી/૭૦૫ થી તા.૧૬/૦૬/૧૯૭૧ નીચે તાલુકા હુકમ નં.કોન્સો/ગાંધીનગર/તા.૧૬/૦૮/૧૯૭૧ ના આધારે એન્ટ્રી નં.૪૭૬૬ થી તા.૧૪/૦૩/૧૯૭૪ ના રોજ "ટુકડા" તરીકેની નોંધ કમી કરી સદર એન્ટ્રી તા.૨૫/૦૫/૧૯૭૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૮)..ત્યારબાદ મજકુર જમીનના માલિક કબજેદાર પટેલ લાભુભાઈ અંબારામનું તા.૨૯/૦૧/૧૯૮૫ ના રોજ અવસાન થયેલું. પરંતુ મરહુમ પટેલ લાભુભાઈ અંબારામે તેઓના અવસાન અગાઉ તા.૦૬/૦૯/૧૯૮૪ના રોજ એક રીતસરનુ રજીસ્ટર્ડ વીલ કે જે મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૩૧૦૯ થી નોંધવામાં આવેલ તે વીલ યાને વસિયતનામું કરેલ. મજકુર રજીસ્ટર્ડ વીલના આધારે મરહુમ પટેલ લાભુભાઈ અંબારામના અવસાનથી મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમાં તેમના ભાઈ નારણભાઈ જીવાભાઈ તથા ભત્રીજા પટેલ રાજેન્દ્રકુમાર નારણભાઈ તથા પટેલ મુકેશકુમાર નારણભાઈ તથા પટેલ દિલિપભાઈ નારણભાઈના સંયુક્ત નામ દાખલ કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ મરણનો દાખલો, વીલ તથા સંમતિ જવાબ રજુ કરવાથી ગામ નમુના નં. ૬ ના હક્કપત્રકે ફેરફાર નોંધ નં. ૫૪૪૮ થી તા.૧૯/૦૬/૧૯૮૫ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૮/૧૦/૧૯૮૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૯)..ત્યારબાદ મજકુર મોજે ગામ ચાંદખેડા સીમના સર્વે નં.૬૬૬/૨ વાળી ખેતીની જમીનના માલીકો નારણભાઈ જીવાભાઈ તથા પટેલ રાજેન્દ્રકુમાર નારણભાઈ તથા પટેલ મુકેશકુમાર નારણભાઈ તથા પટેલ દિલિપભાઈ નારણભાઈ પાસેથી શ્રી જશવંતલાલ શનાલાલ શાહ તથા કેતનકુમાર ઉર્ફે કુમુદચંદ્ર જશવંતલાલ શાહ તથા ભુપેન્દ્રકુમાર જશવંતલાલ શાહ તથા નિતેષકુમાર જશવંતલાલ શાહ તથા જીવણભાઈ કચરાભાઈ પટેલ તથા વાલજીભાઈ બાલચંદભાઈ પટેલ તથા બાબુભાઈ મણીભાઈ પટેલ તથા બેચરભાઈ તેજાભાઈ ભરવાડે તેમની સ્વપાર્જીત જાતકમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૨૫/૦૧/૨૦૦૦ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૩૦૩ થી તેજ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટ્સમા કબજેદારના કોલમમાં શ્રી જશવંતલાલ શનાલાલ શાહ વિગેરેના સંયુક્ત નામ એન્ટ્રી નં.૭૦૪૧ થી તા.૦૯/૦૬/૨૦૦૦ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૪/૦૮/૨૦૦૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૦)..ત્યારબાદ મજકુર જમીનના માલિકો પૈકી સહ માલિક શાહ જશવંતલાલ શનાલાલનું તા.૧૨/૦૬/૨૦૦૦ ના રોજ અવસાન થયેલું. પરંતુ મરહુમ જશવંતલાલ શનાલાલ શાહે તેમના અવસાન અગાઉ તા.૦૬/૦૩/૨૦૦૦ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર વીલ યાને વસિયતનામુ કરેલું. મજકુર વીલ યાને વસિયતનામાની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમાં કપીલાબેન તે જશવંતલાલ શનાલાલ શાહની પત્નીનુ સ્વતંત્ર નામ દાખલ કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ અરજી, મરણનો દાખલો અને વીલની નકલ રજુ કરવાથી ગામ દફતરે ફેરફાર નોંધ નં.૭૪૭૨ થી તા.૧૨/૦૯/૨૦૦૧ ના રોજ નામ દાખલ કરવામાં આવેલી. પરંતુ મજકુર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા તા.૧૩/૦૧/૨૦૦૩ ના રોજ "રદ" કરવામાં આવેલી.

જેથી મજકુર રદ કરવામાં આવેલી નોંધ સામે મજકુર જમીનના માલિકોએમે. પ્રાંત અધિકારી, ગાંધીનગરના સાહેબ રૂબરૂ અપીલ દાખલ કરતાં મે. પ્રાંત અધિકારીશ્રી ગાંધીનગરનાએ તા.૨૧/૦૨/૨૦૦૩ ના રોજ હુકમ નં.આરટીએસ/અપીલ/નં.૯/૦૩ થી દાખલ કરેલ. સદર તા.૧૩/૦૧/૨૦૦૩ ના રોજનો નિર્ણય રદ કરી સદર નોંધ નં.૭૪૭૨ પ્રમાણીત કરવા હુકમ કરેલ છે. મજકુર હુકમની રૂઈએ સદર નોંધ તા.૦૭/૦૩/૨૦૦૩ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૧)...ત્યારબાદ મજકુર સર્વે નં.૬૬૬/૨ ની પોતખરાબા સહીતની ૭૯૯૨ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનના તેના માલિકો શાહ કેતન જશવંતલાલ વિગેરે પાસેથી પટેલ વિનોદચંદ્ર શાંતિલાલ તથા પટેલ રજનીકાંત શાંતિલાલ પટેલ તથા પટેલ વિરેન્દ્ર માણેકલાલ પટેલ તથા પટેલ જયેશ માણેકલાલ પટેલે તેમની સ્વપાર્જીત જાતકમાણીની આવકમાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૦૬/૦૩/૨૦૦૩ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૭૨૫ થી તેજ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા કેતન જશવંતલાલ શાહ વિગેરેના સંયુક્ત નામ એન્ટ્રી નં.૭૫૮૦ થી તા.૧૦/૦૩/૨૦૦૩ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૯/૦૪/૨૦૦૩ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૨)..ત્યારબાદ મજકુર સર્વે નં.૬૬૬/૨ ની ૭૯૯૨ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૨૨ મા આવરી લઈ ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં.૧૭૯ ની ૫૫૯૪ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનને રહેણાંક હેતુ માટેનો ઉપયોગ કરવા માટેની એન.એ.ની પરવાનગી મેળવવા માટે તેના માલિકો વિનોદચંદ્ર શાંતિલાલ પટેલ વિગેરેએ ગાંધીનગરના મે. જિલ્લા કલેક્ટર સાહેબની કચેરીમાં અરજી કરતા મે. જિલ્લા કલેક્ટર સાહેબ, ગાંધીનગરનાએ તેમના હુકમ નં.સીબી/જમીન/બી.ખે./એસઆર.૧૨૫/વશી.૮૦૩૫/૦૬ થી તા.૨૧/૦૮/૨૦૦૬ ના રોજ પરવાનગી આપેલી છે. મજકુર એન.એ.ના હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૮૪૫૧ થી તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૫/૦૪/૨૦૦૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૩)..ત્યારબાદ મે. જીલ્લા કલેકટરશ્રી અમદાવાદના તા.૩૦/૦૧/૨૦૦૮ ના હુકમ નં.સી.બી./એલ.એન.ડી-૨/સી-૪૦૧૯/૦૮ થી ચાંદખેડા નગરપાલીકાનો મહેસુલી વિસ્તાર અમદાવાદ જીલ્લામાં સમાવિષ્ટ કરવામાં આવતા મોજે ચાંદખેડા તા.ગાંધીનગરના તમામ સર્વે નંબરો સહીતની વિગતો દસ્ક્રોઈ તાલુકામાં સમાવિષ્ટ કરવા તેમજ પ્રાદેસીક ફેરફાર નવા ગામ તરીકે દાખલ કરવા એન્ટ્રી નં.૮૮૨૨ થી તા.૦૮/૦૨/૨૦૦૮ ના રોજ નોંધ કરી સદર એન્ટ્રી તે જ તારીખે પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૪)..મજકુર જમીનના રેકર્ડમા મે.મામલતદાર સાહેબ,અમદાવાદના હુકમ નં.આરટીએસ/રેકર્ડ પ્રમોલગેશન/૦૮ ના તા.-/૧૧/૨૦૦૮ ના રોજના હુકમથી ૭ અને ૧૨ નુ રેકર્ડ પ્રમોલગેશન કરવાની કાર્યવાહી માટે હાલના કોમ્પ્યુટરાઈઝ રેકર્ડનુ મેળવણુ કરી રેકર્ડમા જણાવેલ ક્ષતિઓનો સુધારો કરવા હુકમ કરવાથી રેકર્ડ ઓફ રાઈટસમાં એન્ટ્રી નં.૯૧૩૬ થી તા.૧૦/૦૧/૨૦૦૯ ના રોજ રેકર્ડમાં નોંધ કરી સદર એન્ટ્રી તા.૨૨/૦૪/૨૦૦૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૫)..ત્યારબાદ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક પફર/૧૦૨૦૧૧/૨૭૫/લ/૧ થી તા.૧૭/૦૩/૨૦૧૨ થી અમદાવાદ જીલ્લાના સીટી અને દસ્ક્રોઈ તાલુકાના પુનઃ ગઠન કરી અમદાવાદ તાલુકાના નવા બે તાલુકા અમદાવાદ (પૂર્વ) તથા અમદાવાદ (પશ્ચિમ) ની રચના કરવામા આવેલ.જે અન્વયે દસ્ક્રોઈ તાલુકાનુ ચાંદખેડા ગામ અમદાવાદ સીટી(પશ્ચિમ) મા પ્રાદેશિક ફેરફાર નવા ગામ તરીકે દાખલ કરવા સદર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૦૭૬૧ થી તા.૦૩/૦૫/૨૦૧૨ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૫/૦૫/૨૦૧૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા તેજ તારીખે પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૬)..ત્યારબાદ મજકુર સર્વે નં.૬૬૬/૨ ની જમીનના ફા.પ્લોટ નં.૧૭૯ ની ૫૫૯૪ સ.ચો.મીટર રહેણાંક હેતુ માટેની એન.એ.વાળી પરવાનગીમા બહુહેતુક ઉપયોગ કરવા માટેની રીવાઈઝ એન.એ.ની પરવાનગી મેળવવા માટે તેના માલિકો વિનોદચંદ્ર શાંતિલાલ પટેલ વિગેરેએ અમદાવાદના મે. કલેક્ટર સાહેબની કચેરીમા તા.૧૯/૧૧/૨૦૨૧ ના રોજ ઓનલાઈન અરજી કરતાં અમદાવાદના મે. કલેક્ટર સાહેબે તેમના હુકમ નં.૩૫૯/૦૭/૧૮/૦૪૮/૨૦૨૨ થી તા.૨૫/૦૧/૨૦૨૨ ના રોજ પરવાનગી આપેલ છે. મજકુર એન.એ.ના હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબેજદારના કોલમમાં એન્ટ્રી નં.૧૪૬૮૯ થી તા.૨૫/૦૧/૨૦૨૨ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૮/૦૨/૨૦૨૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૭)..ત્યારબાદ મજકુર સર્વે નં.૬૬૬/૨ની જમીનના ફા.પ્લોટ નં.૧૭૯ ની ૫૫૯૪ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની એન.એ.વાળી જમીન તેના માલિકો પટેલ વિનોદચંદ્ર શાંતિલાલ તથા પટેલ રજનીકાંત શાંતિલાલ પટેલ તથા પટેલ વિરેન્દ્ર માણેકલાલ પટેલ તથા પટેલ જયેશ માણેકલાલ પટેલ પાસેથી તમો "શ્રી સરજુદાસ બિલ્ડકોન" એ નામની ભાગીદારી પેઢીએ તા.૦૫/૦૧/૨૦૨૨ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ) ના મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૨૫૪ થી તેજ તારીખે નોંધવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા તમો "શ્રી સરજુદાસ બિલ્ડકોન" એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૪૭૦૦ થી તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૫/૦૩/૨૦૨૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૮)..ત્યારબાદ મજકુર ફા. પ્લોટ નં. ૧૮૦ ની ૧૩૬૯ સ.ચો.મીટર જમીન તથા ફા.પ્લોટ નં.૧૭૯ ની ૫૫૯૪ સ.ચો.મીટર જમીન મળી કુલે -૬૯૬૩ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીનમા વાણીજ્ય તથા રહેણાંક હેતુ માટેનુ બાંધકામ કરવા માટેના પ્લાન તમો,પેઢીએ તમારા ખર્ચે તૈયાર કરાવી મંજુર કરાવવા અર્થે અમદાવાદ મ્યુની.કોર્પોરેશનની કચેરીમા મુકતા અમદાવાદ મ્યુની.કોર્પોરેશનના મે.આસીસટન્ટ ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર સાહેબે, તેમના કેસ નં.BHNTI/

WZ/280122/CGDCRV/A5631/RO/M1 થી તા.૦૬/૦૪/૨૦૨૨ ના રોજ બ્લોક નં."એ+બી+સી" ના ફસ્ટ સેલર પાર્કીંગ, સેકન્ડ સેલર પાર્કીંગ, ગ્રાઉન્ડ ફલોર પાર્કીંગ, ગ્રાઉન્ડ ફલોર વાણિજ્ય યુનીટ-૩૦ તથા ફસ્ટ ફલોર વાણિજ્ય યુનિટ-૨૯ તથા ફસ્ટ ફલોર રહેણાંકના-૦૪ ફલેટો તથા સેકન્ડ ફલોર થી ટવેલ્થ ફલોર સુધી કુલે-૧૦૮ ફલેટો તથા તે ઉપર સ્ટેર કેબીન તેમજ લીફટ મળી કુલે-૧૧૨ ફલેટો તથા ૫૯ વાણિજય હેતુ માટેના યુનીટો સહીતના કુલે-૧૭૧ રહેણાંક તથા વાણિજય યુનીટના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.06252/280122/A5631/RO/M1 થી તા.૦૬/૦૪/૨૦૨૨ ના રોજ આપેલ છે.

ત્યારથી સર્વે નં.૫૮૪/૧ પૈકીની ૧૯૫૬ સ.ચો.મીટર જમીન તથા સર્વે નં. ૬૬૬/૨ ની પોતખરાબા સહીતની ૭૯૯૨ સ.ચો.મીટર જમીન મળી કુલે-૯૯૪૮ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૨૨ મા આવરી લઈ અનુક્રમે ફાળવેલ ફા. પ્લોટ નં. ૧૮૦ ની ૧૩૬૯ સ.ચો.મીટર જમીન તથા ફા.પ્લોટ નં.૧૭૯ ની ૫૫૯૪ સ.ચો.મીટર જમીન મળી કુલે-૬૯૬૩ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન તમો **"સરજુદાસ બિલ્ડકોન"** એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા કોઈપણ પ્રકારના બોજા રહીત હોવાનુ જણાઈ આવે છે તથા સદર જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ- ભાગ,હકક,હીસ્સો કે હિત સંબંધ રેકર્ડ જોતા જણાઈ આવેલ નથી એ રીતે સદર જમીનના રાઈટસ ટાઈટલ્સ કલીયરન્સ અને માર્કેટેબલ હોવાનુ રેકર્ડ જોતા અમો આથી અભિપ્રાય આપીએ છીએ.

આજ તા.૧૩ માહે એપ્રિલ સને-૨૦૨૨ ના દીને શહેર અમદાવાદ મુકામે.

N. K. PATEL ADVOCATE G/425/1977

(શ્રી એન.કે.પટેલ એડવોકેટ)